# રાજ્યભરમાં વરસાદ, વાવાઝોડુ અને કરા



## હવાનું હળવું દબાણ સર્જાતાં કરા સાથે વરસાદ તુટી પડયો : કેટલાક ખગોળવિદો આ વરસાદને પ્રિ-મોન્સુન એક્ટીવીટી પણ ગણાવે છે : કમોસમી વરસાદથી લોકો ચિંતાતુર

ગાંધીનગર, તા.૨૦

વેસ્ટર્ન ડિસ્ટર્બન્સને પગલે મધ્યપ્રદેશથી નોર્થ પાકિસ્તાન વચ્ચે સર્જાયેલ ઓફ શોર સિસ્ટમ સર્જાતાં આજે રાજયના વિવિધ વિસ્તારોમાં વાતાવરણમાં પલ્ટો આવ્યો હતો તેમજ કરા સાથેનો વરસાદ પડતાં સમગ્ર રાજયમાં ચિંતાનો માહોલ પ્રસરી જવા પામ્યો હતો.

આજે મોડી સાંજે ગાંધીનગર સહિત રાજયના સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાત પંથકમાં વાતાવરણમાં પલ્ટો આવ્યો હતો. પવન સાથે કરાનો વરસાદ પણ પડયો હતો. ૩૦ મિનિટથી પણ વધુ સમય સુધી પડેલા વરસાદને કારણે પાટનગરમાં ઠેર ઠેર પાણી ભરાઈ જવા પામ્યા હતા.

પવન સાથે આવેલા વરસાદને કારણે વૃક્ષો તથા હોર્ડિંગ્સ પડી જવાની પણ ઘટનાઓ બની છે. વરસાદ જે ગતિથી પડતો હતો તે જોતાં એક તબક્કે ચોમાસાનો માહોલ હોય તેવું લાગતું હતું.

● અનુસંધાન પાન-૭ પર

ઈલેક્શન કાઉન્ટ-ડાઉન
VOTE 09
દિવસ બાકી

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૪૦ | ૨૧ એપ્રિલ, ૨૦૧૪, સોમવાર; ચૈત્ર વદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# ગાંધીનગરમાં ભરઉનાળે ચોમાસાનો માહોલ

## જોરદાર પવન અને વાવાઝોડું થતા કરા સાથે વરસાદ ખાબકયો, ઠેર ઠેર વિજળી ડૂલ થતા માર્ગો પર વાહનોની લાંબી કતાર થઈ હતી : કમોસમી વરસાદથી અસંખ્ય ઝાડ અને બેનરો તૂટી પડયા હતા : વાતાવરણમાં ઠંડક પ્રસરી જવા પામી

ગાંધીનગર, તા.૨૦

સમગ્ર રાજયમાં આજે બપોર બાદ વાતાવરણમાં અચાનક જ નાટકીય રૂપે પલટો આવતા વાતાવરણ વાદળ છાયુ બની ગયું. બાદમાં જોરદાર પવન સાથે આંધી ફૂંકાતા સમી સાંજે સવા છ વાગ્યાના સમયે ગાંધીનગર શહેરમાં કરા સાથે મુશળધાર વરસાદ ખાબકયો હતો. આથી સમગ્ર ગાંધીનગરમાં અંધારપટ છવાઈ ગયું હતું. તો ચૂંટણી અને લગ્ન માટે સજાવેલા મંડપો અને સાથે સાથે હોર્ડિંગ્સ પણ તૂટી પડવાના બનાવો બન્યા હતા. અચાનક થયેલા મુશળધાર વરસાદને પગલે લોકો ભારે ચિંતાતુર બન્યા હતા તો ટ્રાફિક જામની સ્થિતિ પણ સર્જાવા પામી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર રાજયભરમાં આજે સવારથી અનેક મોટા શહેરોમાં પવન સાથે જોરદાર વાવાઝોડું ફૂંકાતા વરસાદ વાતાવરણની અસર જોવા મળી હતી. સાંજે પાંચેક વાગ્યાના સમયે પલ્ટો આવતા ધરખમ ફેરફાર થતા આકાશમાં કાળા ડીબાંગ વાદળો



(તસવીર : કશ્યપ નિમાવત)



વાતાવરણમાં પલ્ટાવાની અસર જોવા મળી રહી હતી. બપોર બાદ રાજયના પડયો હતો. જયારે સમી સાંજે પાટનગર ગાંધીનગરમાં પણ આ અલનીનોની અસર હેઠળ વાતાવરણમાં અચાનક જ નાટકીયરૂપે છવાઈ ગયા હતા અને જોરદાર પવન

● અનુસંધાન પાન-૭ પર

## શહેરમાં હોર્ડીંગ્સ-મંડપો ફંગોળાયા

શહેરમાં અચાનક ચઢાઈ કરીને આવેલા વરસાદથી ઠેર ઠેર વૃક્ષો અને હોર્ડીંગ્સો ધરાશાયી થઈ ગયા હતા. જાહેરાત



માટે લગાવેલા ચૂંટણીપંચના, લોકસભાના ઉમેદવારોના તેમજ વિવિધ સંસ્થાઓ દ્વારા લગાવવામાં આવેલા હોર્ડીંગ્સો આંધીમાં દૂર દૂર સુધી ફંગોળાયા છે તેમજ શહેરના માર્ગો પર તોતીંગ વૃક્ષો ધરાશાયી થતા શહેરના માર્ગો પર વાહન ચાલકોની લાંબી કતારો જોવા મળતી હતી.

## સે-૧૭માં ઝાડ પર વીજળી પડી : ફાયર બ્રિગેડે ફોન જ ના ઉપાડયા..

શહેરમાં થઈ રહેલા કમોસમી વરસાદને પગલે સે-૧૭ના મકાન ૧૭૮/૧ની આગળ ઉભા ઝાડ પર વીજળી પડી હતી જેથી આખું ઝાડ ઘર આગળ આવી પડયું હતું. મકાનના રહીશે ગાંધીનગર ફાયર કંટ્રોલમાં ફોન કરતા કોઈએ ફોન ઉપાડવાની પણ તસ્દી ના લેતા કલાકો સુધી ફાયર સ્ટેશનના ફોનની ઘંટડી રણકતી રહી...

## મોટા-મોટા કરાનો વરસાદ

દિવસ દરમિયાન ઉકળાટ વચ્ચે આજે સમી સાંજે અચાનક કમોસમી વરસાદ તૂટી પડયો હતો. અચાનક ખાબકેલા વરસાદથી વાતાવરણમાં ઠંડક પ્રસરી જવા પામી છે. વરસાદની સાથે સાથે મોટા મોટા કરા પડતા શહેરીજનો મકાનની બહાર નીકળી કુતૂહલતા પૂર્વક નિહાળી રહ્યા હતા. કરા એટલા મોટા પડતા હતા કે રીતસર શરીર પર વાગતા હતા.

## ઈન્ફોસિટી સર્વિસ રોડ પર ગાડી ખાડામાં ઉતરી

આજે સાંજે પાટનગરમાં ફુંકાયેલ આંધી સાથેના વરસાદને કારણે ઈન્ફોસિટી નજીકના સર્વિસ રોડ પર એક ગાડી ખાડામાં ઉતરી જતાં ફાયરબ્રિગેડે ગાડીમાં બેઠેલા પરિવારને રેસ્ક્યુ કરી બચાવી લીધી હતી.

આ બનાવ અંગે જાણવા મળતી વિગતો મુજબ ફલાઈંગ બર્ડ ક્લબનો પાયલોટ આશિષ આજે તેના પરિવાર સાથે ગાંધીનગર તરફ આવી રહ્યો હતો અને ઈન્ફોસિટી સર્વિસ રોડ પરથી તે પસાર થતો હતો ત્યારે તેની ગાડી પાણી ભરેલા ખાડામાં અડધી ગાડી ફસાઈ ગઈ હતી.

પાયલોટ આશિષે આ અંગે તાબડતોબ પરિસ્થિતિની જાણ પોલીસ કંટ્રોલને કરી હતી અને પોલીસે ફાયરબ્રિગેડને વાયરલેસથી જાણ કરતાં પોલીસ અને ફાયરબ્રિગેડની ટીમ ઘટનાસ્થળે દોડી ગઈ હતી.

ફાયરની ટીમે ભારે જહેમત બાદ કારને સફળતાપૂર્વક બહાર કાઢી પરિવારને બચાવી લીધુ હતુ.

## સે. ૨૧ થી ઘ-૫ માર્ગ પર વૃક્ષો ધરાશયી

સે. ૨૧ થી ઘ-૫ તરફ જવાના અને ઘ-૫ થી ગુરૂકુલ થઈ સે. ૨૩માં જવાના માર્ગ પર જ અર્ધો ડઝન જેટલા વૃક્ષો પડી ગયા હતા. જીવરાજ મહેતા ભવન, એસ.ટી.સી., પોલીસ ચોકી તેમજ ગુરૂકુળથી અરવિંદ કેન્દ્ર તરફ જતા માર્ગ પર વૃક્ષો ધરાશયી થવા પામ્યા છે.

## વાવાઝોડા-વરસાદની સાથે-સાથે

- મૂશળધાર વરસાદને પગલે ગાંધીનગરના માર્ગો પર ઠેર ઠેર વૃક્ષો ધરાશાઈ થયા.
- ગાંધીનગર શહેરના પ્રવેશદ્વારે ખ-માર્ગ પર અસંખ્ય વૃક્ષો તુટી પડ્યા હતા જેના કારણે આ માર્ગ પરનો વાહન વ્યવહાર અડવાઈ જવા પામ્યો હતો.
- ખ-માર્ગની જમણી બાજુ બનેલી જુદી જુદી સોસાયટીઓ તેમજ એપાર્ટમેન્ટમાં વીજ પુરવઠો ખોરવાઈ જતા લોકો ભારે ચિંતામાં રાત્રિ પસાર કરી હતી.
- શહેરના સેકટર-૩માં સેન્ટ્રો અને નેનો કાર પર ઝાડ તૂટી પડતા ભારે નુકશાન થયું હતું.
- ગાંધીનગર નજીક અપોલો હોસ્પિટલના ભોંયરામાં વરસાદને લીધે પાણી ભરાઈ ગયું હતું.
- ચિલોડા, સાદરા, શિહોલી, પેથાપુર, વાવોલ, અડાલજ સહિતના ગામડાઓમાં વીજળી ડૂલ.
- નગરમાં ભારે વાવાઝોડા સાથે કરા પડવાથી ઘરોના બારીના કાચ પણ તુટી જવા પામ્યા હતા.
- વાવાઝોડા અને વરસાદને પગલે અંધારપટ થતા માર્ગોમાં વાહનોની લાંબી-લાબી કતાર થઈ.
- વરસાદ થતા અનેક ટુ વ્હીલર સ્લીપ થઈ ગયા હતા.
- સે-૧ ગાયત્રી મંદિર આગળ ઝાડ પડતા રસ્તો બંધ થયો હતો.
- સે-૨૧ માઉન્ટ કાર્મેલ સ્કુલ પાસે એક વૃક્ષનું મસ મોટું ડાળું તૂટી પડયું હતું.
- સે-૨૩માં અરવિંદ કેન્દ્ર પાસેના વન વિસ્તારમાં ઝાડ પડી ગયું હતું.
- કડી સર્વ વિશ્વ વિદ્યાલય સે-૨૩થી તેજસ સોસાયટી તરફ જવાના રસ્તા ઉપર વૃક્ષ ધરાશાયી થવા પામ્યું છે.
- મોટા ચિલોડાથી નાના ચિલોડા તરફ જતા નેશનલ હાઈવે પર પણ વૃક્ષો ધરાશયી થતાં વાહન વ્યવહાર ધીમો પડયો દહેગામ માર્ગ પર ડાયવર્ઝન અપાયું.
- ડભોડા-ચિલોડા માર્ગ પર ઝાડ પડવાથી રામનગર-યાદવનગર તરફ જવાનો માર્ગ બંધ થતાં લોકો ભારે મુશ્કેલીમાં મુકાયા.
- ચિલોડા પંથકમાં લગ્નસરાના આનંદમાં ભંગ પડયો હતો.

## કેરીના પાકને ભારે નુકશાન

ગાંધીનગર, તા. ૨૦

રાજ્યમાં સતત ત્રીજા માવઠાને કારણે કેરીના પાકને ભારે નુકશાન થવા પામ્યુ છે. કેરીનો પાક એ ગુજરાતની આગવી ઓળખ ગણાય છે. તેમાં ખાસ કરીને ગીર પંથકની કેસર કેરીએ તો વૈશ્વીક ઓળખ ઉભી કરી છે.

આજે થયેલા આ કમોસમી વરસાદને કારણે કેરીનો જે પાક હતો તે પણ ખરી પડ્યો છે તેમજ કરા પડવાના કારણે ભારે નુકશાન થતાં કેરી ઉત્પાદકોમાં નિરાશા અને ચિંતાનું મોજુ પ્રસરી જવા પામ્યું છે.

## વરસાદ બાદ થ્રીડી સભાઓ યોજાઈ

ગાંધીનગર, તા.૨૦

મોડી સાંજે રાજયના વિવિધ વિસ્તારોમાં નોંધાયેલા કમોસમી વરસાદ પછી પણ થ્રીડી સભાઓનો દોર યથાવત રહેવા પામ્યો હતો.

વડાપ્રધાન પદના ઉમેદવાર મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ આજે થ્રી ડી સિસ્ટમ થકી ૧૦૦થી વધુ સ્થાનો પર સભાઓ સંબેધી હતી. ભાજપના સત્તાવાર સાધનોએ આ સભાઓમાં વરસાદી માહોલ બાદ પણ લોકો મોટી સંખ્યામાં જોડાયા હોવાનું જણાવ્યું છે.



## ગાંધીનગર-અડાલજ વાહનવ્યવહાર ખોરવાયો



તસવીર : સ્વપ્નીલ પંચોલી

એસ.જી. હાઈવેના મુખ્ય કેન્દ્ર સમા અડાલજ-ગાંધીનગર વચ્ચે તારાપુર પાસે સંખ્યાબંધ વૃક્ષો ધરાશયી થતાં બે કલાક સુધી વાહનવ્યવહાર ખોરવાયો હતો. ધોધમાર વરસાદ અને તોફાની પવનની સાથે કરા પડતા સમગ્ર વાતાવરણમાં અફડાતફડી સર્જાઈ હતી. અડાલજ પાસેના તારાપુર ખાતે લાઈનબંધ ખૂબ વૃક્ષો ધરાશયી થતાં અડાલજથી ગાંધીનગર આવી રહેલા વાહનો અટવાયા હતા. બે કલાક સુધી અંધારપટ છવાતા વાહનચાલકો ચિંતામાં મુકાયા હતા. મોડીરાત્રે પોલીસની મદદથી વાહનવ્યવહાર ખુલ્લો કરાયો હતો.

# અમદાવાદમાં પ્રચંડ પવન સાથે વરસાદ : ત્રણના મોત

## રસ્તા ઉપર પાણીના લીધે બાઇક સ્લીપ થવાના કેટલાક બનાવ : પવનના લીધે ૧૦૦થી વધુ વૃક્ષ ધરાશાયી થયા

અમદાવાદ,તા. ૨૦

અમદાવાદમાં આજે સાંજે કમોસમી વરસાદના કારણે જુદા જુદા બનાવમાં ત્રણના મોત થયા હતા રખિયાલમાં વૃક્ષ ધરાશાયી થતાં બેના મોત થયા હતા જ્યારે વાડજમાં પણ વૃક્ષ પડતા એકનું મોત થયું હતું. અનેક જગ્યાઓ પર તોફાની પવનના કારણે વૃક્ષો ધરાશાયી થઇ ગયા હતા જેથી સાંજે ટ્રાફિક જામની સ્થિતી જોવા મળી હતી. લોકો સાંજે કેટલીક જગ્યાએ અટવાઈ પડ્યા હતા. આજે સાંજે એકાએક હવામાનમાં પલટો આવ્યો હતો. જેથી વરસાદી વાતાવરણ સર્જાઇ ગયું હતુ. સાંજે પાંચ વાગ્યા બાદ જોરદાર પવન ફુંકાયો હતો. જેથી અનેક જગ્યાએ હોર્ડિંગ પડી ગયા હતા. વૃક્ષો પડી ગયા હતા. સાંજે બાઈક સ્લીપ થઈ જવાના કારમે કેટલાક લોકો પટકાયા હતા. જેથી નાની મોટી ઈજા પણ થઈ હતી. વાતાવરણમાં પલટો આવ્યા બાદ પ્રચંડ પવન સાથે વરસાદ પડતા ફાયર બ્રિગેડની ટીમ પણ સક્રિય થઈ ગઈ હતી. હવામાન વિભાગે માહિતી આપતા કહ્યું છે કે અમદાવાદમાં અનેક જગ્યાએ વરસાદ થઈ શકે છે. સાંજે વાતાવરણમાં ઠંડક ફેલાઈ હતી. વિજળીના કડાકા ભડાકા રહ્યા હતા. ગુજરાતના અનેક કેટલાક ભાગોમાં પણ વરસાદ પડવાની આગાહી કરવામાં આવી છે. આજે બદલાયેલા વાતાવરણ વચ્ચે અમદાવાદમાં મહત્તમ તાપમાન ૩૯.૮ ડિગ્રી રહ્યું હતુ. જ્યારે લઘુત્તમ તાપમાન ૨૫.૨ ડિગ્રી રહ્યું હતુ.

પશ્ચિમી મધ્યપ્રદેશ અને આસપાસના ગુજરાત પ્રદેશ પ્રદેશ પર અપર એર સાયકલોનિક સરક્યુલેશનની સ્થિતીના કારણે વરસાદ થયો છે. અમદાવાદ શહેર સહિત રાજ્યના કેટલાક વિસ્તારોમાં કમોસમી વરસાદ પડતાં લોકો આશ્ચર્યમાં મુકાઈ ગયા હતા. અમદાવાદ ઉપરાંત અન્ય ઘણા વિસ્તારમાં તાપમાનમાં ઉતાર-ચઢાવની સ્થિતિ જોવા મળી હતી. પાટનગર ગાંધીનગરમાં ૩૮.૯ ડિગ્રી તાપમાન નોંધાયું હતું, જ્યારે ૩૮.૪ ડિગ્રી તાપમાન રહ્યું હતું.

● અનુસંધાન પાન-૭ પર